# DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY

(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar, Dr.Babasaheb Ambedkar Open University Marg,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad - 382 481
E-mail: coe@baou.edu.in Website: www.baou.edu.in
Toll Free Number : 18002331020 (Extension No.620)


જા.નં.બાઆંઓયુ/પરીક્ષા/2036/2026 તા. 13/10/2026

## જાહેર સૂચના (PUBLIC NOTICE)

Ref:
(1) Guidelines for Pursuing Two Academic Programmes Simultaneously UGC - April 2022
(2) UGC Letter D.O.No. 1-6/2007(CPP-II) (New) Pt.II(C.117758) - 20/11/2024
(3) UGC Letter D.O. No. 1-6/2007(CPP-II) (New) pt.I1 - 10/01/2023
(4) UGC Letter D.O.No.1-6/2007 (CPP-II) (New) - 13/04/2022
(5) UGC Letter D.O. No.1-6/2007(CPP-II) - 30/09/2022
(6) એકેડમિક પ્લાનિંગ બોર્ડ નં. બા.આં.ઓ. યુ/નિયા.(એ. કે.) /APB/9969/2020ઠરાવ તા-૧૭/૦૬/૨૦૨૦
(7) બોર્ડ ઓફ મેનેજમેન્ટ ઠરાવ નં. 83.03 /તા-18/06/2020

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન (UGC) નવી દિલ્હી દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત સંદર્ભપત્રક અનુસાર એક સાથે બે શૈક્ષણિક અભ્યાસક્રમો કરવા માટેની માર્ગદર્શિકા ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એકેડમિક પ્લાનિંગ બોર્ડ તથા બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા બે શૈક્ષણિક કાર્યક્રમો ચલાવવાની નીતિનો અમલ કરવાનું તારીખ : 18/06/2020 ઠરાવેલ છે. આ નીતિથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં એક જ શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવી અભ્યાસ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે,વિદ્યાર્થીઓ ઉપરોક્ત માર્ગદર્શિકા મુજબ અગાઉની ઉચ્ચશિક્ષણની સંસ્થા છોડ્યા વિના અન્ય કોઈ ઉચ્ચશિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવી શકે છે.

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ODL માધ્યમથી અભ્યાસક્રમ માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ પાસેથી માઈગ્રેશન સર્ટિફિકેટ લેવામાં આવતું નથી. પરંતુ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાંથી અભ્યાસક્રમ પૂર્ણ કરી અન્ય ઉચ્ચશિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ પાસેથી માઈગ્રેશન સર્ટિફિકેટ માંગવામાં આવ્યેથી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓની કારકિર્દીને ધ્યાનમાં રાખીને માઈગ્રેશન સર્ટિફિકેટ આપવામાં આવે છે. વધુમાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કરી નીચે પ્રમાણેના સર્ટિફિકેટ વિદ્યાર્થીઓને સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે તે માટે તારીખ:04/04/2026થી યુનિવર્સિટીની વેબસાઇટ પરથી ઓનલાઈન સર્ટિફિકેટ નિયત ફી સાથે ડિજિટલ કોપી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેમકે Migration Certificate,Trial Certificate, Medium of Instruction (MOI), Letter of Recommendation (LOR) યુનિવર્સિટી પરીક્ષા વિભાગ ખાતેથી ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ઉપરાંત ડિજીટલ માધ્યમથી પણ વિદ્યાર્થીઓને સહેલાઈથી વિના વિલંબે નિયત સમયગાળામાં રજૂ કરવાના હોવાથી ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ડિજીટલ સુવિધાઓ દ્વારા નિયત ફી લઈને ઓનલાઈન અરજી કર્યાથી સોફ્ટ કોપી ઉપલબ્ધ કરાવવામાં આવે છે,જેથી વિદ્યાર્થીને ઉપરોક્ત સર્ટિફિકેટ ઉચ્ચશિક્ષણ સંસ્થા દ્વારા આપવમાં આવેલ સમયગાળામાં રજૂ કરી શકે,જેથી વિદ્યાર્થિની શૈક્ષણિક કારકિર્દીમાં વિક્ષેપ પડે નહી તમામ ઉચ્ચશિક્ષણ સંસ્થાઓને વિનંતી કરવામાં આવે છે કે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ ડિજીટલ સર્ટિફિકેટ જેમકે Migration Certificate,Trial Certificate, Medium of Instruction (MOI), Letter of Recommendation (LOR) ડિજીટલ સર્ટિફિકેટ સ્વીકારી પ્રવેશ આપે. તથા UGC ના દિશાનિર્દેશ ઉચ્ચશિક્ષણ સંસ્થામાં પ્રવેશ મેળવી તેના નિયમોનું પાલન કરવાની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહે છે.

કા. પરીક્ષા નિયામક